# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

# સોમવાર, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ [ઉદ્યોગ - નાગરિક ઉડ્ડયન - સામાજિક ન્યાય અને અધિકારિતા - મહિલા અને બાળ કલ્યાણ - કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ - શ્રમ અને રોજગાર લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ ].

**કુલ પ્રશ્નો 66**

----

### મહેસાણા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

15/4/1810 *1 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાંંઔદ્યોગિક નિતી-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં આવી?

----

### વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

15/4/1832 *2 **શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વડોદરા જિલ્લામાં આવેલ

ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી,

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત

15/4/1828 *3 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

----

## ઓબીસી કમિશનમાં ચેરમેન અને સભ્યોની નિમણૂંક

15/4/2431 *4 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ઓબીસી કમિશનમાં ચેરમેન અને કેટલા સભ્યો કાર્યરત છે અને ચેરમેન અને કેટલા સભ્યોની નિમણુંક ક્યારથી બાકી છે,

(૨) ઉક્ત નિમણૂક બાકી રહેવાના કારણો શાં છે, અને

(૩) ઉક્ત નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

----

## ખેડા જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના

15/4/1793 *5 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લામાં વર્ષ-૨૦૨૩માં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી?

----

## મહીસાગર અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના જર્જરિત મકાનો

15/4/2440 *6 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહીસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨) ઉક્ત જર્જરિત આંગણવાડીઓની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે?

----

## જુનાગઢ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના

15/4/1797 *7 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## વડોદરા અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનાઓ

15/4/2445 *8 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને વલસાડ શહેર/જિલ્લામાં આવેલ કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની,

(૨) ઉક્ત આગની ઘટનાઓમાં કયા એકમોમાં કેટલા કામદારોના મૃત્યુ નિપજ્યા, અને કેટલા કામદારો ઘવાયા છે,

(૩) ઉક્ત આગ લાગવાના કારણો ઉક્ત એકમોવાર મુખ્યત્વે શા હતા, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે એકમોવાર જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

## વલસાડ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

15/4/1825 *9 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લા રોજગાર કચેરી, ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

15/4/1817 *10 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

----

## નવસારી જિલ્લામાં વ્હાલી દિકરી યોજના

15/4/1816 *11 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકારની વ્હાલી દિકરી યોજના ક્યારથી અમલમાં છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય મંજુર કરવામાં આવી?

----

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.

15/4/2436 *12 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**ઉદ્યોગ :-**

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર શહેર/જિલ્લામાં આવેલ જી.આઈ.ડી.સી.વાર કુલ કેટલા પ્લોટ અને શેડ આવેલા છે,

(૨) તે પૈકી જી.આઈ.ડી.સી.વાર કેટલા પ્લોટ અને શેડનું એલોટમેન્ટ થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડ પૈકી કેટલા ઉદ્યોગો જી.આઈ.ડી.સી.વાર કાર્યરત છે અને જી.આઈ.ડી.સી.વાર કેટલા પ્લોટ અને શેડ ખાલી છે, અને

(૪) ઉક્ત એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરૂ ન કર્યા હોય તો જી.આઈ.ડી.સી.વાર કોની સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

## ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

15/4/1802 *13 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી રકમની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી?

----

## વિધવાઓના પુનઃસ્થાપન માટે આર્થિક સહાય

15/4/2385 *14 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩નીસ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટે આર્થિક સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના બાબત

15/4/2336 *15 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ કેટલા વૃદ્ધોને સહાય ચૂકવવામાં આવે છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા વૃધ્ધોને તેઓની અરજી મંજૂર થયા બાદ ઉકત સહાય ચૂકવવામાં આવેલ નથી,

(૩) ઉક્ત બાકી રહેલ લાભાર્થીઓને ઉક્ત સહાય ક્યારે ચૂકવવામાં આવશે?

----

## મહીસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેકશન

15/4/1822 *16 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે?

----

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના બોર્ડ/નિગમો માટે નાણાકીય જોગવાઈ

15/4/2433 *17 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના નિગમ-બોર્ડ માટે કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા હેતુઓ માટે ખર્ચ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

----

## રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર

15/4/1805 *18 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા માટે કોઈ આયોજન હાથ ધરાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત આયોજન પેટે રાજ્યમાં કયા કયા સ્થળે આ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરુ કરવામાં આવનાર છે, અને

(૩) રાજ્યમાં ફ્લાઈંગ તાલીમ સંસ્થાઓ ખોલવા માટે ઉત્તેજન આપવા સરકાર શું સહાય પૂરી પાડે છે?

----

## વડોદરા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના

15/4/1798 *19 **શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર (સાવલી):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત

15/4/1827 *20 **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

----

## અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના

15/4/1800 *21 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ :-**

માનનીય કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા લોકોને કેટલી રકમની લોન આપવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

15/4/2380 *22 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાંંઔદ્યોગિક નિતી-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં આવી, અને

(૩) કેટલી મંજૂર થયેલ અરજીઓને વ્યાજ સહાય ચુકવવાની બાકી છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

15/4/1806 *23 **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાંઁઔદ્યોગિક નિતી-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં આવી?

----

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગની ઘટનાઓ**

15/4/2424 *24 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં આવેલ કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની,

(૨) ઉક્ત આગની ઘટનાઓમાં કયા એકમોમાં કેટલા કામદારોના મૃત્યુ નીપજ્યા, અને કેટલા કામદારો ઘવાયા છે,

(૩) ઉક્ત આગ લાગવાના કારણો ઉક્ત એકમોવાર મુખ્યત્વે શા હતા, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે અન્વયે એકમવાર જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

----

**અમદાવાદ અને મહેસાણા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી**

15/4/2438 *25 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને મહેસાણા શહેર/જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા સ્થાનિકોને રોજગારી આપવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર અને જિલ્લાના કયા એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત કયા એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

----

## મહેસાણા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

15/4/1803 *26 **શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી (કડી):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત મહેસાણા જિલ્લામાં ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી?

----

## બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

15/4/1801 *27 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંંકીય વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી રકમની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી?

----

## વડોદરા જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

15/4/1826 *28 **શ્રી ચૈતન્ય મકરંદભાઇ દેસાઇ (અકોટા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લા રોજગાર કચેરી, ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

----

## દાહોદ જિલ્લામાં સંત સુરદાસ યોજના

15/4/1795 *29 **શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ-૨૦૨૩માં સંત સૂરદાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી?

----

## પોરબંદર એરપોર્ટના સૂચિત રનવે વિસ્તરણની કામગીરી

15/4/2430 *30 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**નાગરિક ઉડ્ડયન :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૩/૦૭/૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૯૧૭૯(અગ્રતા-૫૦)ના અનુસંધાને માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર એરપોર્ટના સૂચિત રનવેનાં વિસ્તરણની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

15/4/1812 *31 **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા ):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાંઔદ્યોગિક નિતી-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં

આવી?

----

## પાટણ જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

15/4/1829 *32 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન પાટણ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી,

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ

15/4/2410 *33 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૦/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૯૬૮ (અગ્રતા-૯૧)ના અનુસંધાને માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) જામનગર અને દેવભૂમિ દ્રારકા જીલ્લામાં અનુક્રમે ૨૦૫ અને ૧૪૨ આંગણવાડીઓ ભાડા ના મકાન માં ચાલતી હતી તો, તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના નવા મકાન બનાવવામાં આવ્યા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને મકાન આપવા સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા?

----

## નવસારી જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

15/4/1830 *34 **શ્રી આર.સી.પટેલ (જલાલપોર):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન નવસારી જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી,

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪માં થયેલ ખર્ચ

15/4/2419 *35 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉદ્યોગ :-**

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૨૪માં લાઈટીંગ, સુશોભન, ટ્રાન્સપોર્ટ, રહેવા-જમવા સહિતનો કુલ કેટલો ખર્ચ થયો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી?

----

## રાજ્ય માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવા બાબત

15/4/2421 *36 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**નાગરિક ઉડ્ડયન :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૨/૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૩૦૧૦ (અગ્રતા-૨૯૪) ના અનુસંધાને માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતુ તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કઈ એરસ્ટ્રીપનું કામ પૂર્ણ થયુ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૩) ઉક્ત પૈકી કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## જામનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય

15/4/1808 *37 **શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)):**

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-**

માનનીય લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાંઔદ્યોગિક નિતી-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝીસ એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન કુલ કેટલા એકમોને કુલ કેટલી વ્યાજ સહાય ચુકવવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતીમેળા

15/4/1819 *38 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

----

## અરવલ્લી જિલ્લાના આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન

15/4/1824 *39 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે?

----

## સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

15/4/1815 *40 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા રોજગાર કચેરી, ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

----

## મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતીમેળા

15/4/1821 *41 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી?

----

## રાજ્યમાં કાર્યરત એરપોર્ટના વિસ્તરણ

15/4/1809 *42 **શ્રી અમિત ઠાકર (વેજલપુર):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કાર્યરત એરપોર્ટનાં વિસ્તરણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વિચારણા હાથ ધરવામાં આવેલ છે કે કેમ,
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં કઈ-કઈ જગ્યાએ એરપોર્ટ વિકસાવવાની કામગીરી ચાલી રહેલ છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## સુરત જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના

15/4/1799 *43 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી

અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૨) તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી?

----

## નર્મદા જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

15/4/1823 *44 **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લા રોજગાર કચેરી, ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

----

## રાજ્યમાં આંગણવાડી વર્કર અને હેલ્પરોને ગ્રેચ્યુઈટી

15/4/2415 *45 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કર અને હેલ્પરોને ગ્રેચ્યુઈટી ચૂકવવા અંગેના ચુકાદા બાબતે નામદાર સુપ્રિમ કોર્ટમાં ગુજરાત સરકારે કરેલ રીવ્યુ પીટીશન ડિસમીસ થયેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આંગણવાડી વર્કર અને હેલ્પરોને કયાં સુધીમાં ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવામાં આવશે?

----

## મહેસાણા જિલ્લામાં ગંગા સ્વરુપા આર્થિક સહાય યોજના

15/4/1820 *46 **શ્રી સરદારભાઈ શામળભાઈ ચૌધરી (ખેરાલુ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે મહેસાણા જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ, અને

(૩) તે પેટે કેટલી રકમની સહાય મંજુર કરી?

----

## મોરબી જિલ્લામાં વ્હાલી દિકરી યોજના

15/4/1818 *47 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકારની વ્હાલી દિકરી યોજના ક્યારથી અમલમાં છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય મંજુર કરવામાં આવી?

----

## વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

15/4/1831 *48 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વલસાડ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી,

(૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લાના આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન

15/4/1995 *49 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે?

----

## ધરોઈ ડેમ પર સી-પ્લેન સેવા

15/4/2418 *50 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**નાગરિક ઉડ્ડયન :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૩૦ (અગ્રતા-૪૯) ના અનુસંધાને માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ધરોઈ ખાતે સી-પ્લેન સેવા શરૂ કરવા જમીનની પસંદગી કરી મેળવવા અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કાર્યવાહી પુર્ણ કરીને જમીન મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પ્રયાસો કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સેવા ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે?

----

## કેવડીયા ખાતે હેલિકોપ્ટર રાઈડ

15/4/2442 *51 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેવડીયા ખાતે હેલિકોપ્ટર રાઈડ ક્યારે ચાલુ કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રાઈડ બંધ હોય તો ક્યારથી કયા કારણોસર બંધ છે, અને

(૩) ઉક્ત રાઈડ ચાલુ કરવા શા પગલાં લેવામાં આવ્યા?

----

## બનાસકાંઠા જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય

15/4/1997 *52 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૨૩માં બૌધ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓની આર્થિક સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવી?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના

15/4/2386 *53 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજના હેઠળ મહિલાઓને કેવા પ્રકારના લાભો આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર અને જિલ્લામાં કેટલી અને કઈ સંસ્થાઓ ઉક્ત યોજનાના કેન્દ્રો ચલાવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત શહેર અને જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં સમરસ છાત્રાલય બનાવવા બાબત

15/4/2338 *54 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સમરસ છાત્રાલય બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સમરસ છાત્રાલય ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

----

## રાજ્ય સરકારે શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી લીધેલ ભંડોળ

15/4/2417 *55 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૨૦માં રાજ્ય સરકારે બાંધકામ મજૂરોના શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી કેટલું ભંડોળ/રકમ લીધેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ શ્રમયોગી કલ્યાણ બોર્ડને પરત કરવામાં આવી અને કેટલી રકમ પરત કરવાની બાકી છે,

(૩) ઉક્ત પરત કર્યા સીવાયની રકમને વાપરવામાં આવી હોય અને તેને પરત કરવાની થતી ન હોય તો કયા હેતુ માટે કેટલી રકમ વાપરવામાં આવી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બાકી રકમ ક્યાં સુધીમાં પરત કરવામાં આવશે?

----

**શ્રમ કમિશનર કચેરીના કરાર આધારિત/આઉટસોર્સ કર્મચારીઓને વેતન**

15/4/2382 *56 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શ્રમ કમિશ્નરની કચેરીમાં કાર્યરત કરાર આધારિત અને આઉટસોર્સ કર્મચારીઓને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ મુજબ લઘુતમ વેતન આપવામાં આવે છે, કે કેમ, અને

(૨) જો હા તો, તે અન્વયે કેટલું વેતન આપવામાં આવે છે?

----

**અમદાવાદમાં ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં શ્રમિકોના પગાર અને બોનસની ચુકવણી**

15/4/2426 *57 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**શ્રમ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદમાં આવેલ ચિરિપાલ ગૃપની નંદન એક્ઝીમાં કામ કરતાં શ્રમિકોને દિવાળી સમયે પગાર અને બોનસ ન આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ નિયત થયેલ જોગવાઈઓ અને કાયદાના ભંગ બદલ જવાબદાર ફેક્ટરી માલિક સામે શા પગલાં લીધાં?

----

## વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪માં પાર્ટનર કંટ્રી દ્વારા એમ.ઓ.યુ.

15/4/2434 *58 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉદ્યોગ :-**

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૨૪માં કયા દેશો પાર્ટનર કંટ્રી તરીકે જોડાયેલ છે,

(૨) ઉક્ત જોડાયેલ કંટ્રી પૈકી કઈ ગર્વનમેન્ટ દ્વારા સેક્ટરવાર કેટલી રકમના એમ.ઓ.યુ. વાયબ્રન્ટ સમિટ પહેલાં કયા હેતુ માટે કરવામાં આવેલ, અને

(૩) ઉક્ત કરવામાં આવેલ એમ.ઓ.યુ.થી કેટલી રોજગારી ઉભી થવાનો અંદાજ છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તાલુકાવાર જી.આઈ.ડી.સી.

15/4/2411 *59 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ઉદ્યોગ :-**

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. આવેલી છે,અને

(૨) ઉક્ત સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જે તાલુકામાં જી.આઈ.ડી.સી. નથી, ત્યાં કોઈ નવી જી.આઈ.ડી.સી. બનાવવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર (મેડીકલ) વર્ગ-૧ની ખાલી જગ્યાઓ

15/4/2420 *60 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**શ્રમ અને રોજગાર :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૪૬ (અગ્રતા-૮૯) ના અનુસંધાને માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ઔદ્યોગિક એકમો માટે આસીસ્ટન્ટ ડાયરેક્ટર (મેડીકલ), વર્ગ-૧ની મંજૂર થયેલ ચાર જગ્યાઓ પૈકી ચારેય જગ્યાઓ લાંબા સમયથી ખાલી હતી તે પૈકી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૨) ઉક્ત બાકી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## વાયબ્રન્ટ સમિટના ૨૦ વર્ષની સ્મૃતિમાં બહાર પાડવાના સિક્કા બાબત

15/4/2423 *61 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**ઉદ્યોગ :-**

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૧૫/૦૧/૨૦૨૪ની સ્થિતિએ વાયબ્રન્ટ સમિટના ૨૦ વર્ષની સ્મૃતિમાં રૂ.૨૦ના સિક્કા બહાર પાડવા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રૂ.૨૦ના કેટલા સિક્કા બહાર પાડવા માટે ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૩) ઉક્ત એક સિક્કા દીઠ કેટલો ખર્ચ થયેલ છે,

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા સિક્કા માટે કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૫) ઉક્ત ચૂકવવામાં આવેલ રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી?

----

## નિગમોમાં મેનેજીંગ ડિરેક્ટરોની જગ્યાઓ

15/4/2437 *62 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના કયા નિગમોમાં મેનેજીંગ ડીરેક્ટરોની નિમણુંક કરવામાં આવી નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ નિગમોમાં કેટલા સમયથી મેનેજીંગ ડીરેક્ટરોની સેવાઓ ચાર્જમાં લેવામાં આવે છે?

----

## વલસાડ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/4/1996 *63 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**મહિલા અને બાળ કલ્યાણ :-**

માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે વલસાડ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર થઈ, અને

(૩) તે પેટે કેટલી રકમની સહાય મંજુર કરી?

----

## ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને લોન અને સહાય

15/4/2429 *64 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**સામાજિક ન્યાય અને અધિકારિતા :-**

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી લોન અને કેટલી સહાય આપવામાં આવી, અને

(૨) કેન્દ્ર સરકાર દ્વારા લોનના નાણાં સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તે માટે રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા?

----

## રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવા બાબત

15/4/2387 *65 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અંબાજી, દ્વારકા, મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળાના માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતુ તે પૈકી કઈ એરસ્ટ્રીપનું કામ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પૂર્ણ થયુ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૩) ઉક્ત પૈકી બાકી એરસ્ટ્રીપ ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## અદાણી પાવર લી.ટુંડા તા.મુન્દ્રા દ્વારા સ્થાનિક રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન

15/4/2412 *66 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**શ્રમ અને રોજગાર :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૯૮૩ (અગ્રતા-૪૭) ના અનુસંધાને માનનીય શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ ની સ્થિતિએ અદાણી પાવર લી.ટુંડા તા.મુન્દ્રા દ્વારા નિયમો નું ઉલ્લંઘન કરી સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જાળવવામાં આવતી ન હતી,તો તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત કંપની સામે શા પગલા લેવા માં આવ્યા,

(૨) હાલ આ કંપની માં સ્થાનિકોને ૮૫% રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૩) જો ના તો ઉક્ત કંપની સામે શા પગલા લેવામાં આવશે?

----